सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ: ૧૭ | જુલાઈ-ઓગષ્ટ ૧૯૯૬ | અંક: ૧

## વાલીઓને...

### પરીક્ષાલક્ષી અભિગમનો અતિરેક......

પરીક્ષાને અનિવાર્ય અનિષ્ટ તરીકે સ્વીકારવી રહી. પરંતુ આજે તો કેળવણીની માત્ર કરોડરજ્જુ જ નહીં પરંતુ અનેક પ્રકારના ક્ષેત્રોના પ્રવેશધ્વારની તે ચાવી બની ગઈ છે અને એ રીતે રોજગારની તકો માટે સક્રિય ભૂમિકા તે ભજવી રહી છે. આમાંથી જ આજના અનિષ્ટો ઉભા થયા છે. આ તો ઉચ્ચકક્ષાના ક્ષેત્રો માટે વાત થઈ. કાર્યક્ષેત્રનો વિશાળ વ્યાપ અને ભ્રષ્ટ મનોવૃત્તિ ધરાવતું વ્યવસ્થાતંત્ર આજના અજંપામાં વધારો કરે છે.

માત્ર ઉચ્ચકક્ષાના પ્રવેશક્ષેત્રો માટે નહીં પરંતુ સાવ પ્રાથમિક કક્ષાએ બાળકના સુચારુ ઘડતરને બદલે એક અને બે ગુણની ગણતરી અને સરખામણી કરવાનો અતિરેક આજે તો નજરે ચડે છે. કેટલાક મૂલ્યાંકનો વસ્તુનિષ્ઠ કરવા શકય જ નથી એટલું જ નહીં કયારેક આવકારદાયક પણ નથી. માત્ર શાળામાં જ નહીં પણ સમાજમાં યોજાતી ઘણી સ્પર્ધાઓના નિર્ણાયકોનો મૂંઝવણભર્યો અનુભવ હોય છે કે તેમણે આપેલો નિર્ણય તેની તે જ બાબતોનું પુનઃમૂલ્યાંકન કરવાનો પ્રસંગ આવે તો કદાચ પરિણામ જુદું હોય. માત્રવસ્તુનિષ્ઠ મૂલ્યાંકનમાં જ નિર્ણાયક ધ્વારા અપાયેલા પરિણામ નિશ્ચિત આવે.

મહત્વની વાત બાળકે મેળવેલા ગુણ નહીં પરંતુ તેનું ઘડતર છે. તે વ્યવસ્થિત બને, તેનામાં નિરીક્ષણ કરવાની શક્તિનો વિકાસ થાય, તેની આજુબાજુની દુનિયા જોવાની તેને તક મળે તે માણવાનો તેને -આનંદ આવે, પરસ્પરના સંબંધોમાં અનુરાગ કેળવવાની ક્ષમતા આવે. આ બધા માટે બાળકને સભાનતાપૂર્વક આપણે કેળવીએ છીએ? માત્ર પરીક્ષાના ગુણ પ્રાપ્ત કરવામાં તે કંઈ ખોતો તો નથી ને? આ જોવાની આપણી બહુ મોટી જવાબદારી છે.

ઇન્દુભાઈ દવે નાં
વંદન

---

**બાલમંદિર પ્રવેશ અંગે...**

બાલમંદિરના પ્રવેશ અંગે ત્રણ વર્ષથી નીચેની ઊંમરના બાળકોને દાખલ ન કરવાની નીતિ અનુસરવાનુ થતાં જૂન ૧૯૯૬ માં કોઈ નવો પ્રવેશ આપી શકાયો નથી અને તે ગાળા માટે ભરાયેલા પ્રવેશપત્રો જૂન ૧૯૯૭ ના પ્રવેશ માટે ગણવામાં આવ્યા છે તેની જાણ સંબંધિત વાલીઓને પ્રવેશયાદી સમયે 'શારદ' વડે તેમજ ટપાલથી જણાવ્યું છે. -આ સંદર્ભમાં જણાવવાનું કે આ શાળામાં ભણતા વિદ્યાર્થીઓના ભાઈબહેનો તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થાઓના બાળકો કે જેમની જન્મ તારીખ ઓગષ્ટ '૯૪ માં હોય તેમણે આવા બાળકોની જન્મ તારીખની ઝેરોક્ષ શાળાની ઓફિસમાં સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં ૭ મી સપ્ટેમ્બર સુધીમા રજૂ કરવી, જેથી આવા બાળકોને ઉપરના જૂથમાં પ્રવેશ આપવા માટે યોગ્ય કરી શકાય.

## બાળકમાં આટલો અજંપો કેમ છે?

રિસેસનો ઘંટ હજી હમણાં જ વાગ્યો ત્યાં તો આઠ દસ છોકરાંઓનું ટોળું એકદમ મારી ઓફિસમાં આવી પહોંચ્યું.

"બેન રૂચિરને વાગ્યું, ખૂબ લોહી નીકળે છે ".... સૌના મોંમાં એ જ શબ્દો હતાં, એક અરેરાટી હતી.

રૂચિરને આંખ પાસે વાગ્યું હતું. શર્ટ પર લોહી પડયું હતું,જોઈને મને પણ જરા મૂંઝવણ થઈ કારણ કે આંખ સહેજમા બચી ગઈ હતી, જો કે લોહી બંધ થઈ ગયું હતું. અને એના બહેને એને દવા લગાડી પાટો પણ બાંધ્યો હતો. વાલીને ફોન કરી બોલાવ્યા અને રૂચિરને ઘેર મોકલ્યો, બીજા દિવસે રૂચિરના પપ્પા સ્કુલમા ખાસ મળવા આવ્યા, અકળાયેલા હતાં, "બેન ! એની આંખ ગઈ હોત તો શું થાત?" એક પિતા તરીકે તેમનો પ્રશ્ન અને ચિંતા સાહજિક હતાં. પણ એનો ઉપાય શું? એ પણ એક સમસ્યા છે.

ભાગ્યે જ કોઈ દિવસ એવો જતો હશે કે જયારે છોકરાંઓએ મારામારી કરી ન હોય...કોઈને વાગ્યુ ન હોય .....છોકરાંઓ આટલા આક્રમક કેમ બને છે? બાળકોમાં આટલો બધો અજંપો કેમ છે? શાંતિથી સમજાવીને વારંવાર સુચના આપવામાં આવે છે કે કોઈને કંઈપણ થાય કે કોઈ મારે તો શિક્ષક પાસે એની ફરિયાદ લઈને જાવ... પણ અંદરઅંદર મારામારી ન કરો...પણ ક્રોધને, આવેશને કાબુમાં રાખી શકાય તો ને !.... રીસેસમાં પણ એ જ પરિસ્થિતિ ... બેલ પડતાં જ દોડાદોડ શરુ થઈ જાય.... ડબ્બો ઊઘાડી , ધમાચકડી કરતાં, ખાધું એટલું ખાધું ને બાકીનું ઢોળ્યું... કોને પરવા છે? કયારેક તો નાસ્તો ખાધા કરતાં ય વધુ ઢોળવામાં જતો હોય છે. ને છતાં ય બીજે દિવસે પાછી એની એ જ પરિસ્થિતિ... વર્ગમાં પણ આ જ પરિસ્થિતિ.. સહેજ કંઈ થાય ને જાણે 'મારું કે મરું'એટલો આવેશ આટલા નાના બાળકમાં જોવા મળે છે. શિક્ષક ગમે તેટલી નિષ્ઠાથી શિખવવાનો પ્રયત્ન કરે.. પણ શિક્ષણ એ બંને પક્ષે થતી પ્રક્રિયા છે. શિક્ષક જ્ઞાન આપવા ગમે તેટલા ઉત્સાહી અને આતુર હોય પણ વિદ્યાર્થી ગ્રહણ કરવા તૈયાર તો હોવો જોઈએ ને ! ... બેઉ પક્ષે આદાન પ્રદાન વિના શિક્ષણ શકય જ કેવી રીતે બને ! ને પરિણામે કર્તવ્યનિષ્ઠ શિક્ષકની પણ શ્રધ્ધા તૂટે છે. બહુ મોટી સમસ્યા છે. વિદ્યાર્થીનું ભણતર અને ઘડતર બંને કેવી રીતે કરવા? આને અંગે આપણે કશું જ ન કરી શકીએ?....

બાળકોમાં આવા મારામારીના પ્રશ્નો ઊભા થાય ત્યારે વાલીને મળવા બોલાવી વર્તનની સમસ્યામાં તેમનાં સહકારની અપેક્ષા રાખવામાં આવે છે પણ ત્યારે કેટલાક વાલી પોતાના સંતાનની મર્યાદા સ્વીકારવાને બદલે એનાં બચાવપક્ષે દલીલો કરે છે.

પરિણામે બાળકની આ આક્રમકતા ઓછી થવાને બદલે સમસ્યા વધુ વિકટ બને છે. કારણ બાળકને હૈયાધારણ મળે છે કે એના મા-બાપ તેને પડખે છે, આમ કયારે ક માબાપની મમતા પણ બાળકના ઘડતરમાં નડતર બની ઉભી રહી જાય છે.

કુટુંબ નિયોજનના આ યુગમાં ઘરનાં એક કે બે જ બાળકો હોય એટલે બાળકમાં સામાજિકતા ઓછી થતી જાય છે... બીજા સાથે હળીમળીને, સંપીને કેમ રહેવું તે તેને પહેલાં ઘરમાં જ આપોઆપ શીખવા મળતું, હવે એ એને પ્રયત્નપૂર્વક શિખવાડવું પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. બાળકનાં મિત્રોને આપણે ઘેર બોલાવી ભેગાં કરી સામાજિકતા અને સહભાગીદારીની કેળવણી આપવી આવશ્યક બની છે.

ઝડપથી બદલાતા આર્થિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક માળખામાં હવે સ્ત્રીએ કયાંક તો આર્થિકરીતે પગભર થવાની જરુરિયાત ઉભી થઈ છે. અથવા તો બહેનોમાં વધતી જતી કેળવણીએ તેને કારકિર્દી માટે મહત્વાંકાંક્ષી બનાવી છે, ને તેને વ્યવસાય કે નોકરી કરવા પ્રેરી છે. પરિણામે સ્ત્રીની ગૃહિણી,પત્ની, અને માતાની ભૂમિકાને તે જરુરી ન્યાય આપી શકતી નથી. પણ બાળક માટે તો મા એટલે સર્વસ્વ. આપણે મા તરીકે બાળકને એ પ્રેમ, સમય, અને હૂંફ આપી શકીએ છીએ ખરાં? બાળકના હૃદયને 'હાંશ' ની જરુર છે. ને તે ન મળતાં તે અજંપો અનુભવે છે ને આક્રમક બને છે.

આપણે હવા,પાણી,અવાજ આ બધાં જ પ્રદૂષણો સામે ઘણી જાગૃતિ સેવતા થઈ ગયા છીએ પણ આજની ઊગતી પેઢી માટે સૌથી ખતરનાક પ્રદૂષણ તો ટી.વી. છે એનો આપણે વિચાર કરીએ છીએ ખરાં ! ટી.વી. પર રજૂ થતાં દ્રશ્યો બાળકની વૃત્તિઓને ઉત્તેજે છે તેમને આક્રમક બનવા પ્રેરે છે, તેના ચારિત્ર્ય ઘડતરનું શું? પહેલાંની જેમ ઘરમાં જ રામાયણ મહાભારત, શ્રવણ જેવી સંસ્કારસભર વાર્તાઓ સંભળાવતા દાદા-દાદી આજે કેટલા કુટુંબોમાં છે?

પરીક્ષામાં સારા માર્કસ, ઈતરપ્રવૃત્તિ, પૌષ્ટિક ખોરાક આ બધા માટે આપણે ખૂબ જાગૃતિ સેવીએ છીએ પણ તેમના વર્તન રીતભાત , ચારિત્ર્ય ઘડતર માટે આપણે એટલા સજાગ છીએ ખરાં! પરીક્ષાના માર્કસ અને ઈતરપ્રવૃત્તિમાં આગળ પડતો ભાગ, એને આપણે આપણાં Prestige issue બનાવી દીધાં છે.... પણ એ જ બાળકને વડીલને પ્રણામ કરતાં ય ક્ષોભ થાય છે તેનું શું? કોઈ સહેજ કંઈ કહે તો ક્રોધ ચડે છે તેનું શું? સાથે રહીએ તો કોઈનો હાથ પણ અડકે ને પગ પણ અડકે એ સહન કરતાં શીખવું જ પડે... તેને બદલે આટલો બધો અજંપો કેમ? આક્રમકતા કેમ ?..

**ઊર્મિલા શાહ**

**નૃત્ય:** અખિલ ભારતીય શાળાકીય શરદ યુવા પ્રતિભા શોધ સ્પર્ધા આયોજીત રાષ્ટ્રિય યુવક મહોત્સવમાં શાસ્ત્રીય નૃત્યસ્પર્ધામાંકુ.નિયતીકમલભાઈમહેતાપ્રથમ આવ્યાછે.જિલ્લા રમત ગમત પરિષદ અમદાવાદ શહેર આયોજીત રાષ્ટ્રીય યુવક મહોત્સવમાં ચિ. નિયતી મહેતાએ શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધામાં સંયુક્તરીતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

રજાઓનો આનંદ માણી સૌ બાળકોહસતાં રમતાં બાલમંદિરના પ્રેમભર્યા અને મુક્ત વાતાવરણમાં ઓતપ્રોત થવા માંડયા છે. બાલમંદિરના વાતાવરણમાં તેઓ ગોઠવાઈ ગયા છે.

ગૌરીવ્રતનું પર્વ નાની બાળાઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવ્યું. જવારા વાવી તેની પૂજા કરી જવારા માથે લઈ બાળાઓ ' ગોરમાનો વર કેસરિયો 'આનંદથી ગરબે ઘૂમી ગાવા લાગી. એમનો ઉત્સાહ અનેરો હતો.

હવે તાલીમના બાળકો સંસ્થાના સ્થાપનાદિનની ઉજવણીની તૈયારીમાં લાગી ગયા છે.

વાલીઓને ખાસ વિનંતી કે આપના બાળકને બાલમંદિરમાં સમયસર આવવાની ટેવ અત્યારથી જ પાડવી. જીવનમાં નિયમિતતા અને શિસ્તની કેળવણી માટે તે ખૂબ અગત્યનું છે. બાળમંદિરનો સમય ૧૦-૫૦ થી ૩-૩૦ સુધીનો છે. તમારા બાળક અંગે કોઈ પ્રશ્ન હોય તો તે અંગે ઓફિસમાંથી અગાઉ મુલાકાતનો સમય લેવો, જે સામાન્યરીતે બુધ અને શુક્રવારે શાળા છૂટયા પછીનો હોય છે. આ અંગે કોઈ શિક્ષકનો સીધો સંપર્ક ન કરવા ખાસ સૂચના આપવામાં આવે છે.

આપના બાળકને સમયસર મુકી જવાની અને સમયસર લઈ જવાની જવાબદારી બરાબર સંભાળશો. કોઈ સમયસર લેવા ન આવે ત્યારે બાળક મૂંઝાય છે અને તેની વ્યવસ્થા ખૂબ મુશ્કેલી ઉભી કરે છે. વાલીનો સહકાર અને જાગૃતિ આ માટે ખૂબ જરુરી છે.

## શિશુમંદિર

**ચૂંટણી:** તા.૬-૭-૯૬ ના રોજ મહામંત્રી,ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ, જેમાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈ-બહેનો ચૂંટાયેલા જાહેર થયાં:

| | | |
|---|---|---|
| મહામંત્રી: | (ભાઈઓ) | શાશ્વત ઠાકોર |
| | (બહેનો) | ઋચા દેસાઈ |
| ઉપમંત્રી: | (ભાઈઓ) | રૂચિલ શાહ |
| | (બહેનો) | રાજીતા મુન્શી |

ઈતરપ્રવૃત્તિને અનુલક્ષીને આંતરગૃહોના નેતા-ઉપનેતાની પસંદગી નીચે મુજબ કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| રત્નદીપ: | (ભાઈઓ) | નેતા | શ્રેય ત્રિવેદી |
| | | ઉપનેતા | ભૌમિક કોઠારી |
| | (બહેનો) | નેતા | અનોખી દેસાઈ |
| | | ઉપનેતા | શીતલ શાહ |
| મેઘનાદ: | (ભાઈઓ) | નેતા | અર્પણ સોપારકર |
| | | ઉપનેતા | અંકિત ગજ્જર |
| | (બહેનો) | નેતા | સ્તુતિ શાહ |
| | | ઉપનેતા | સજની શાહ |
| ધવલગિરિ: | (ભાઈઓ) | નેતા | શ્રીજય શેઠ |
| | | ઉપનેતા | નિરજ શાહ |
| | (બહેનો) | નેતા | માનસી નાગોરી |
| | | ઉપનેતા | એષા તલાટી |
| ગંગોત્રી: | (ભાઈઓ) | નેતા | નિહાર શાહ |
| | | ઉપનેતા | હર્ષિલ શાહ |
| | (બહેનો) | નેતા | હેલી સોમાણી |
| | | ઉપનેતા | શાલ્વી શેઠ |

### આંતરગૃહ સ્પર્ધાઓ:

**ગુજરાતી સુલેખનઃ** તા.૧૯-૭-૯૬

| | | |
|---|---|---|
| પ્રથમઃ | માનસી નાગોરી | (ધવલગિરિ) |
| દ્વિતીયઃ | નિરવ પારેખ | (રત્નદીપ) |
| તૃતીયઃ | ચિનાર બુચ | (રત્નદીપ) |

**અંગ્રેજી સુલેખનઃ** તા.૨૦-૭-૯૬

| | | |
|---|---|---|
| પ્રથમઃ | નિરવ પારેખ | (રત્નદીપ) |
| દ્વિતીયઃ | હિમાની શાહ | (ગંગોત્રી) |
| | માનસી નાગોરી | (ધવલગિરિ) |
| તૃતીયઃ | રાજવી શાહ | (મેઘનાદ) |
| | ધર્મિન ગાંધી | (ગંગોત્રી) |
| | ક્ષમા વ્યાસ | (રત્નદીપ) |

**હિન્દી સુલેખનઃ** તા.૨૨-૭-૯૬

| | | |
|---|---|---|
| પ્રથમઃ | સલોની શ્રોફ | (મેઘનાદ) |
| દ્વિતીયઃ | ક્ષમા વ્યાસ | (રત્નદીપ) |
| તૃતીયઃ | શાશ્વત ઠાકોર | (ધવલગિરી) |

**મહેંદી સ્પર્ધાઃ** તા.૨૭-૭-૯૬

| | | |
|---|---|---|
| પ્રથમઃ | કોમલ પટેલ | (ધવલગિરી) |
| દ્વિતીયઃ | સજની શાહ | (મેઘનાદ) |
| તૃતીયઃ | જયની શાહ | (રત્નદીપ) |

નિર્ણાયક તરીકે ડૉ. **સોનલ પંચાલે** સેવા આપી. સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન.

## વિનયમંદિર

**પરિણામઃ** માર્ચ ૧૯૯૬ માં લેવાયેલ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૧% -આવ્યું છે. જેમાં **કુ.રૂપા પંકજભાઈ વ્યાસે** કેન્દ્રમાં **સાતમું** સ્થાન પ્રાપ્ત કર્યું છે. એચ.એસ.સી. સામાન્ય પ્રવાહની પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૬% આવ્યું છે. જેમાં **કુ. આનન અમીતભાઈ કોન્ટ્રાકટરે** બોર્ડમાં ૭ મું અને કેન્દ્રમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ન્યુ એસ.એસ.સી. પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૨% -આવ્યું છે. જેમાં **કુ. રૂચિ આશિષભાઈ સોપારકરે બોર્ડમાં ૯ મું અને કેન્દ્રમાં ૬ ઠ્ઠું સ્થાન પ્રાપ્ત કર્યું છે. સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ધન્યવાદ.**

શાળામાંથી નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈ બહેનોને ઈનામ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

૧: ન્યુ એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ આવનાર **કુ.રૂચિ આશિષભાઈ સોપારકરને** સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/- .

૨:એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **કુ.રૂપા પંકજભાઈ વ્યાસને** સ્વ.પન્નાબેન ગાંધીના સ્મરણાર્થે ઈનામ રુ.૧૨૫/-.

૩: એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **કુ. આનન અમીતભાઈ કોન્ટ્રાકટરને** સ્વ. પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે ઈનામ રુ.૧૨૫/-.

૪: ન્યુ એસ.એસ.સી., એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહની પરીક્ષાઓમાં શાળામાં બહેનોમાં પ્રથમ આવનાર નીચેની વિદ્યાર્થીની બહેનો ...(૧) કુ.રૂચિ સોપારકર (ન્યુ એસ.એસ.સી.)(૨) કુ. રૂપા વ્યાસ ( એચ.એસ.સી., વિજ્ઞાન પ્રવાહ)(૩)કુ. આનન કોન્ટ્રાકટર (એચ.એસ.સી.,સામાન્યપ્રવાહ)ને સ્વ.તનુલતાબહેન પટેલના સ્મરણાર્થે, દરેક ને રુ.૧૦૧ નું ઈનામ.

૫: ન્યુ એસ.એસ.સી.માં સંસ્કૃત વિષયમાં પ્રથમ આવનાર કુ.રૂચિ સોપારકરને સ્વ.વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે પ્રથમ ઈનામ રુ.૧૨૫/-. અને દ્વિતિય -આવનાર ચિ.ચિંતન ગોસલિયાને તથા કુ.નિરાલી શાહને રુ.૧૦૧/- નું ઈનામ વહેંચાય છે.

૬: સ્વ. પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમિનિસ્ટ્રેશન વિષયમાં પ્રથમ આવનાર કુ.હિરલ **અશોકકુમાર શાહને** રુ.૧૨૫/- તથા ચિ.બંસી જયંતભાઈ પટેલને દ્વિતિય ઈનામ રુ.૧૦૧/-.

૭: ન્યુ એસ.એસ.સી.માં ગણિત અને વિજ્ઞાનમાં કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ ગુણ મેળવતા ચિ. ગોપી મુકેશભાઈ વકીલને સ્વ.પ્રમોદાબહેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે ઈનામ રુ.૧૦૧/-.

૮: ન્યુ એસ.એસ.સી.માં અંગ્રેજી વિષયમાં શાળામાં સૌથી વધુ ગુણ મેળવનાર કુ.નિધિ પિયુષભાઈ શાહ અને કુ.નિરાલી રાજેશભાઈ શાહને સ્વ.પ્રમોદાબહેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રુ.૧૦૧/- નું ઈનામ વહેંચાય છે.

૯: એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં ઈજનેરી અને મેડીકલ માટેના મેરીટ લીસ્ટમાં શાળામાં સૌથી પ્રથમ આવનાર ચિ. રૂપા પંકજભાઈ વ્યાસને સ્વ.પ્રમોદાબહેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે ઈનામ રુ.૧૦૧/-.

૧૦: લલિતકલા ક્ષેત્રે આગવી સિદ્ધિ હાંસલ કરવા બદલ પૂ.કાશીબહેન વલ્લભરામ વૈદ્ય તરફથી કુ.રિદ્ધિ નલીનભાઈ શાહને પ્રથમ ઈનામ રુ.૧૨૫/- અને ચિ.કાનના નવકેતનભાઈ વૈદ્યને દ્વિતિય ઈનામ રુ.૧૦૧/-.

**ઈનામ મેળવતાં સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન.**

**ચૂંટણીઃ**૨૯-૬-૯૬ ના રોજ મહામંત્રી-ઊપમંત્રીની ચૂંટણી યોજાઈ જેનું પરિણામ નીચે મુજબ આવ્યું.

| | | |
|---|---|---|
| મહામંત્રીઃ | (ભાઈઓ) | રોનક શાહ |
| | (બહેનો) | નીકી ચોકસી |
| ઊપમંત્રીઃ | (ભાઈઓ) | શ્રીધર શેઠ |
| | (બહેનો) | હરિતા શાહ |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને આંતરગૃહોના નેતા-ઉપનેતાની પસંદગી નીચે મુજબ કરવામાં -આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘદૂતઃ | (ભાઈઓ) | નેતા | બ્રિજેશ શાહ |
| | | ઉપનેતા | નમન શાહ |
| | (બહેનો) | નેતા | શૈલી શાહ |
| | | ઉપનેતા | રાજસી શેઠ |
| ચંદ્રમૌલિઃ | (ભાઈઓ) | નેતા | હર્ષિત દલાલ |
| | | ઉપનેતા | મલય શાહ |
| | (બહેનો) | નેતા | ભાવિ તલાટી |
| | | ઉપનેતા | દ્રષ્ટિ દેસાઈ |
| પદ્મપુકુરઃ | (ભાઈઓ) | નેતા | મૃણાલ શાહ |
| | | ઉપનેતા | માલવ શાહ |
| | (બહેનો) | નેતા | વાચા શુકલ |
| | | ઉપનેતા | કૃતિ શાહ |
| ગીતગોવિંદઃ | (ભાઈઓ) | નેતા | હર્ષ અમીન |
| | | ઉપનેતા | અભિજિત મુન્શી |
| | (બહેનો) | નેતા | પલક પટેલ |
| | | ઉપનેતા | ઋજુલ શાહ |

**સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન.**

## આંતરગૃહ સ્પર્ધા:

**સુલેખન સ્પર્ધા:** ૧૫-૭-૯૬
પ્રથમ: હરિતા શાહ (ગીતગોવિંદ)
દ્વિતીય: મનન ગોસલીયા (પદ્મપુકુર)
ચૈતાલી શાહ (મેઘદૂત)
તૃતીય: રોનક શાહ (પદ્મપુકુર)
શાલીન શાહ (ચંદ્રમૌલિ)

**નિબંધ સ્પર્ધા:** તા.૧૮-૭-૯૬
પ્રથમ: કુનુર શાહ (ગીતગોવિંદ)

દ્વિતીય: રોનક શાહ (પદ્મપુકુર)
તૃતીય: માલવ શાહ (ચંદ્રમૌલિ)

**વાર્તા સ્પર્ધા:** તા.૨૪-૭-૯૬
પ્રથમ: હર્મિલ દલાલ (ચંદ્રમૌલિ)
દ્વિતીય: કાનન વૈદ્ય (ગીતગોવિંદ)
તૃતીય: હરિતા શાહ (ગીતગોવિંદ)

**મહેંદી સ્પર્ધા:** તા.૨૬-૭-૯૬
પ્રથમ: હરિતા શાહ (ગીતગોવિંદ)
દ્વિતીય: નૂપુર શાહ (પદ્મપુકુર)
તૃતીય: રાજસી શેઠ (મેઘદૂત)
પલક પટેલ (ગીતગોવિંદ)
નિર્ણાયક તરીકે ડૉ.સોનલ પંચાલે સેવા આપી.

**સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન**

## અભિનંદન

ચિત્ર: લલિતકલા પરિષદ (વિશાખાપટ્ટનમ્ ) યોજીત ૧૫મી ઓલઈન્ડિયા ચીલ્ડ્રન આર્ટસ કોમ્પીટીશનમાં કુ.દેવાંગી સંજયભાઈ મુન્શીને ઈનામ અને **ચિ.શૈલ શ્રેણીકભાઈ શેઠને રૌપ્યચંદ્રક મળેલ** છે.

સેન્ટર ઓફ ઈન્ડિયન કલ્ચર (પાલનપુર) આયોજીત ચિત્રસ્પર્ધામાં ચિ.-આત્મન ફોજદાર તથા **ચિ.નીલ શાહને** મેરીટ સર્ટીફીકેટ મલ્યા છે.

ફીનલેન્ડમાં યોજાયેલ દસમાં આંતરરાષ્ટ્રીય આર્ટસ એકઝીબીશન ફોર ચીલ્ડ્રન એન્ડ યંગ પીપલ ચિત્ર સ્પર્ધામાં **ચિ.કૌશલ સોપારકરને** ચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

**તરણકળા:** સ્પોર્ટસ કલબ ઓફ ગુજરાત ખાતે યોજાયેલ તરણસ્પર્ધામાં કુ.જીનલ શાહે ડાઈવીંગમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી કાંસ્યચંદ્રક મેળવ્યો છે. **કુ.માનસી શાહે** (૫ થી ૮ વર્ષ જૂથમાં) દ્વિતીય આવી રૌપ્યચંદ્રક મેળવ્યો છે.

એલીસબ્રીજ જીમખાના આયોજીત તરણસ્પર્ધામાં પાચ વર્ષના વય જૂથમાં **ચિ.સહજ પરીખે** ફ્રી સ્ટાઈલ (૨૫ મીટર) માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

જલતરંગ કલબ આયોજીત તરણ સ્પર્ધામાં **ચિ.જૈનમ શાહે** તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

**સ્કેટીંગ** : રાજપથ કલબ આયોજીત સ્કેટીંગ રીંક રેસમાં **ચિ.જીગર ભૂપેશભાઈ છપ્પને** બે ઈનામો મેળવ્યા છે તથા ચિ.તેજસ શાહને પણ બે ઈનામો મળ્યા છે.

**ફેન્સી ડ્રેસ અને મીમીક્રી:** ટાઈમ્સ ઓફ ઈન્ડીયા આયોજીત ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં કુ.નુપુર શાહ અને કુ. જાનકી શાહે ઈનામ મેળવ્યા છે.

રાજપથ કલબ આયોજીત ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં ચિ.હર્ષિલ ભૂપેશભાઈ છપ્પનને તૃતીય ઈનામ તથા **ચિ.જીગર ભૂપેશભાઈ છપ્પનને** પ્રથમ ઈનામ મળ્યું છે. **ચિ. જીગર છપ્પને** મીમીક્રીમાં પણ પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યું છે.

**ટેબલટેનીસ:** સ્પોર્ટસ કલબ ઓફ ગુજરાત યોજીત ફર્સ્ટ ઓપન ગુજરાત મેજર રેંકીંગ ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં ચિ.હર્ષિત શાહ રનર્સઅપ રહયા હતાં.

**કરાટે:** અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ (ઈન્ડિયા) તરફથી ચિ.હાર્દ શાહને વ્હાઈટ બેલ્ટ મલ્યો છે.

ચેસ: કુ.અનૂરી મેહુલભાઈ શાહે ગુજરાત રાજ્યમાં (૮ વર્ષ વયજૂથમાં) ચેમ્પીયનશીપ મેળવી છે. અને નેશનલ ટુર્નામેન્ટમાં દીલ્હી ખાતે ગુજરાત તરફથી પ્રતિનિધિ રહી હતી. ગુજરાત રાજ્ય ચેસ ચેમ્પીયનશીપમાં ચૌદ વર્ષ સુધીના સ્પર્ધકોમાં આઠમી આવી હતી.. અને વીસ વર્ષ સુધીના જુથમાં ગુજરાત રાજ્યમાં ત્રીજો નંબર મેળવ્યો છે... ઓપન ગુજરાત વીમેન ચેસ ચેમ્પીયનશીપમાં પ્રથમ પાંચમાં પસંદગી પામેલ છે. અને કાલીકટ ખાતે નેશનલ વીમેન ચેસ ચેમ્પીયનશીપમાં ગુજરાત વતી સૌથી નાની ઊંમરે તે રમશે. અમદાવાદ ચેસ એકેડમી તરફથી યોજાયેલ ચેસ સ્પર્ધામાં પ્રાયમરી સ્કુલ કેટેગરીમાં પ્રથમ આવી બીટ્સ ટ્રોફી મેળવી છે.

અમદાવાદ ડીસ્ટ્રીકટ ચેસ એસોસીએશન આયોજીત ઓપન ગુજરાત વીમેન્સ ચેસ ચેમ્પીયનશીપમાં કુ.ઝીલ ગૌરાંગભાઈ મહેતા ગુજરાત સ્ટેટ વીમેન્સ ચેસ ચેમ્પીયન બનીને શ્રી ગંગાબહેન આસરપોટા રનીંગ ટ્રોફી જીત્યા છે. સેકન્ડરી વિભાગમાં નીલ ગ?રાંગભાઈ મહેતા પ્રથમ આવ્યા છે. પ્રાયમરી વિભાગમાં ચિ.જીલેશ ગાંધી પ્રથમ આવ્યા છે. સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન.

**ગણવેશ અંગે.....**

શાળાના ગણવેશમાં કેનવાસના બુટ અનિવાર્ય છે તેની નોંધ લેશો.

**સંસ્થાનું ગૌરવ....**

સંસ્થાની ભૂતપુર્વ વિદ્યાર્થિની ચિ. વૈશાલી પટેલે કૈલાસ માનસરોવરનો બત્રીસ દિવસનો પ્રવાસ કર્યો હતો તે દરમ્યાન ત્યાંના સૃષ્ટિ સૌંદર્યને રંગ અને રેખામાં વોટર કલરના માધ્યમ વડે આલેખ્યું હતું. જેના ઉપરથી તેમણે સુંદર અને નયનરમ્ય ઓઈલ પેઈન્ટીંગ્સ તૈયાર કર્યા હતા તેનુ પ્રદર્શન તાજેતરમાં જ રવિશંકર રાવલ આર્ટ ગેલેરીમાં યોજાઈ ગયું. બહેન વૈશાલીને ખૂબ ધન્યવાદ અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા.

**મલ્ટીકોર્સ અને ફોટોગ્રાફીના વર્ગો:**ઓગષ્ટ ૧૯૯૬ **થી શાળામાં ફોટોગ્રાફીના વર્ગો તથા હોમ લાઈફ એન્ડ પર્સનાલીટી ડેવલપમેન્ટ ફોર લેડીઝના વર્ગો શરૂ થનાર છે. દાખલ થવા ઈચ્છતા ભાઈ-બહેનોએ મુખ્ય ઓફિસમાંથી માહીતી મેળવી લેવી.**

તંત્રી ,મુદ્રક,પ્રકાશક: **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.